# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-09-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોઁ કરશો.**

**-----------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 20મા રોજગાર મેળામાં વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી સંસ્થાઓમાં નવનિયુક્ત 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો સોંપ્યા. આ પ્રસંગે તેમણે જણાવ્યું , ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ અપ માળખું છે. તેમણે ઉમેર્યું આપણા યુવાનોના કૌશલ્યએ સમગ્ર વિશ્વનો ભરોસો જીત્યો છે.

**(BYTE : PM ON ROZGAR)**

20મો રોજગાર મેળો દેશભરમાં 45 સ્થળોએ યોજાયો. નવા ભરતી થયેલા ઉમેદવારો ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે, જેમાં નાણાં , રેલ્વે, ગૃહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને સંરક્ષણ મંત્રાલયનો સમાવેશ થાય છે. 20મા રોજગાર મેળા સાથે , કુલ 12 લાખ 75 હજાર યુવાનોને નિમણૂક પત્રો પ્રાપ્ત થયા છે. રોજગાર મેળો યુવાનો માટે રોજગારની તકો ઊભી કરવા અને દેશની વિકાસ યાત્રામાં તેમની વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવા પર સરકારના સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે.

# PANCHAMAHAL SEVA SANKALP

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વડનગરથી વારાણસી સુધીની બાઇક રેલીનું આજે પંચમહાલમાં સ્વાગત કરાયું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સેવાયાત્રીઓ સાથે પંચમહાલમાં પહોંચ્યા ત્યારે હાલોલની ચંદ્રપુરા ચોકડી ખાતે આદિવાસી લોકનૃત્ય અને 'વિકસિત ભારત' થીમ આધારિત નૃત્ય સાથે રેલીનું સ્વાગત કરાયું. આ યાત્રા દરમિયાન 500થી વધુ સેવાયાત્રી યુવાનો 22 દિવસ સુધી વિવિધ ગામોમાં સ્વચ્છતા , ગૌસેવા, વૃદ્ધોની સંભાળ અને યોજનાકીય લોકજાગૃતિ સહિતના સેવાકાર્યો કરશે. આ પ્રસંગે શ્રી સંઘવીએ નાગરિકોને લોકસેવામાં જોડાવા અપીલ કરી.

# DAMAN SWATCHTA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં 'સ્વચ્છ સાગર, સુરક્ષિત તટ' અભિયાન અંતર્ગત ભારતીય તટરક્ષક દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી. દમણના નમો પથ બીચ ખાતે યોજાયેલા આ સફાઈ અભિયાનનું નેતૃત્વ ભારતીય તટરક્ષક દળ, દમણના ડીઆઈજી આલોક નેગી દ્વારા કરાયું. સફાઈ અભિયાન દરમિયાન આશરે એકથી દોઢ કિલોમીટર લાંબા દરિયાકિનારાની સફાઈ કરવામાં આવી હતી. દરિયાકિનારે એકત્ર થયેલી પૂજા સામગ્રી, લાકડાના ટુકડા તેમજ અન્ય કચરાને એકત્ર કરાયો. આ અંગે શ્રી નેગીએ વધુ માહિતી આપી.

**(BYTE – ALOK NEGI, DIG, INDIAN COAST GUARD)**

દરમિયાન જામનગરના રોઝી બંદર અને બાલા છડી બંદર ખાતે પણ 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' અભિયાન અંતર્ગત મેગા દરિયાકાંઠાની સફાઈ કરવામાં આવી હતી.

# GUJARAT RAIN

રાજ્યમાં આજે વરસાદે વિરામ લીધો છે. ત્યારે છેલ્લા 24 કલાકમાં રાજ્યના 224 તાલુકામાં વરસાદ નોંધાયો છે. અરવલ્લીના મેઘરજ અને ગીર સોમનાથના વેરાવળમાં સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ વરસ્યો. આ સાથે રાજ્યના 206 જળાશયમાં 70 ટકા જળ સંગ્રહ થયો છે જ્યારે સરદાર સરોવર ડેમ 96 ટકા ભરાયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 113 ટકા સાથે રાજ્યમાં મોસમનો સરેરાશ 88 ટકા વરસાદ વરસ્યો છે.

બીજી તરફ પંચમહાલ જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી એક લાખ 68 હજાર હેક્ટરમાં થયેલા વાવેતરને રાહત મળી છે. હાલનો વરસાદ ડાંગર સહિતના પાક માટે ફાયદાકારક છે , પરંતુ આગામી દિવસોમાં પાંચ ઇંચથી વધુ વરસાદ થાય તો પાકને નુકસાનની શક્યતા છે.

# VERAVAL BOAT

ગીર સોમનાથના વેરાવળથી આશરે 30 નોટિકલ માઈલ દૂર અરબી સમુદ્રમાં માછીમારી બોટમાંથી એક ખલાસી ગુમ થયાના અહેવાલ છે. સાથી માછીમારોએ દરિયામાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હોવા છતાં ગુમ થયેલા ખલાસીની કોઈ ભાળ મળી નથી. પોલીસ અહેવાલ મુજબ ‘નીલકંઠ ગંગા’ નામની માછીમારી બોટ સમુદ્રમાં લંગર પર હતી. તે સમયે દરિયામાં તોફાની વાતાવરણ સાથે પવનનું પ્રમાણ વધુ હોવાનું જણાવાયું છે. બનાવ અંગે નવી બંદર મરીન પોલીસે તપાસ હાથ ધરી છે.

# MEHSANA BADMINTON

સુરત ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં મહેસાણા ખેલાડીઓએ 8 ચંદ્રક જીત્યા છે. અંડર 19 ભાઈઓની સિંગલ સ્પર્ધામાં રોહન સોલંકી એ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. તો મિક્સ ડબલમાં રજત ચંદ્રક જીત્યો હતો. અંડર 17 બહેનોની સિંગલ્સ સ્પર્ધામાં દિયા પનીકરે કાંસ્ય , ડબલ્સમાં સુવર્ણ અને મિક્સ ડબલ્સમાં કાંસ્ય ચંદ્રક જીતીને ત્રણ સિદ્ધિ મેળવી હતી. અંડર 19માં બહેનોની સિંગલ્સમાં નિત્યા કોટાઈએ કાંસ્ય તેમજ મિક્સ ડબલ્સમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.